સત્યમ્ – શિવમ્ – સુંદરમ્ નું પ્રસ્થાપન ...

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India | Dudhsagar The Pride of India

અંક : ૫ | વર્ષ - ૩ | નવેમ્બર - ૨૦૨૩ (સળંગ અંક : ૨૯) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

### ૪૧ ભૂ-દેવોની હાજરીમાં પ્રાણ પ્રતિષ્ઠા સાથે મહારૂદ્ર યજ્ઞ થયો હોય તેવી મહેસાણા શહેરની અભૂતપૂર્વ ઘટના

## ૩ લાખ ૩૧ હજાર મંત્રોચ્ચાર – ૫૬ હજારથી વધારે આહૂતિ સાથે

# દૂધસાગરમાં શિવસાગર હાજરાહજૂર



મહેસાણા દૂધસાગર ડેરીમાં વહિવટના સૂત્રો સંભાળ્યા બાદ ; સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને તેમના તમામ સાથી નિયામક મંડળના સભ્યોએ દૂધસાગર ડેરીમાં ભૂતકાળની ભવ્યતા પરત આવે તેવા કરેલા તમામ સંકલ્પો ઈશ્વરકૃપાથી એક પછી એક પરિપૂર્ણ થઈ રહ્યા છે. દૂધસાગર ડેરીમાં દેવાધિદેવ મહાદેવનું શિવાલય બને અને મહાદેવની કૃપાથી દૂધસાગર સાથે સંકળાયેલા તમામ લોકો આ સંસ્થાને મંદિરની કક્ષાનું માની એક અને નેક બની સંસ્થા અને લાખો લાખો પશુપાલકોના ઉજ્જવળ ભવિષ્ય નિર્માણમાં પોતાનું યોગદાન આપે તેવા શુભ આશયથી વિતેલા બે વર્ષોમાં એક ભવ્ય અને દિવ્ય દૂધસાગર શિવાલયનું નિર્માણ થઈ રહ્યું હતું. ગત તા. ૨૪ ઓક્ટોબર અને આસો સુદ ૧૦ (વિજયાદશમી) મંગળવારથી શરૂ થયેલ ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા મહારૂદ્ર યાગ ની પૂર્ણાહૂતિ ૧૨ હજારથી વધુ દૂધ ઉત્પાદકો ની હાજરીમાં આસો સુદ ૧૨ અને ગુરૂવાર તા. ૨૬ ઓક્ટોબર ના રોજ દિવ્ય ધાર્મિક વાતાવરણમાં પરિપૂર્ણ થવા પામ્યો હતો. ન્યાસવિધી, અધિવારા વિધી, ચાર વેદોના મંત્રોચ્ચાર, હજારો આહૂતિઓ અને લાખો દેવ મંત્રોથી યજ્ઞમાં ૧૦૮ કળશ દ્વારા મૂર્તિઓનું શુધ્ધિકરણ અને શિવસ્થાપન કરવામાં આવ્યું હતું. ગુજરાતના મેધાવી અને સુપ્રસિધ્ધ રૂગ્વેદી બ્રાહ્મણ, યજુર્વેદી બ્રાહ્મણ, સામવેદી બ્રાહ્મણ અને અર્થવેદી બ્રહ્મણોની હાજરીમાં પરિપૂર્ણ થયેલ આ મહાયજ્ઞમાં દૂધસાગરના અનેક કર્મચારીઓએ સંસ્થાનો એક પણ પૈસાનો ઉપયોગ કર્યા વિના સ્વેચ્છીક દાનથી આ દૂધસાગર શિવાલયના નિર્માણમાં પોતાનું યોગદાન આપી સહદંપતિ - હર્ષભેર આ પૂજાવિધીમાં ભાગ લીધો હતો.

**આપણી શક્તિ - ડેરી પ્રત્યેનો સમર્પણ ભાવ અને આ ડેરી સાથે સંકળાયેલ છેવાડાના પશુપાલક માટે આપણા અંતઃમનમાં સાચી સંવેદના જાગશે તો સાચા અર્થમાં શિવસાગર મહાદેવનું આગમન સાર્થક થશે : અશોક ચૌધરી**

## દિપાવલીની સૌને શુભકામનાઓ
## સંવત ૨૦૮૦ ના નવા વર્ષે
## આપણે સાથે મળીને સમૃધ્ધ દૂધસાગરનું નિર્માણ કરીએ તેવી સંકલ્પબધ્ધતા



દૂધસાગર ડેરીના હજારો કર્મચારીઓ ના મન એક થયા અને આપણી પવિત્ર ડેરીના આંગણે કલ્યાણમયી શિવને આપણે સ્થાપિત કરી શક્યા. શિવ એટલે કલ્યાણ, શિવ એટલે આરોગ્યના દાતા અને શિવ એટલે સુખ શાંતિ અને સમૃદ્ધિનો પર્યાય !! આપણે દૂધસાગરમાં સૌમ્ય સ્વરૂપના શિવ સ્થાપિત કર્યા છે. અને, એટલે જ દૂધ જેવા આ શુદ્ધ શિવને આપણે શિવસાગર જેવું - ઝેર અને અમૃત બધુ પચાવી શકે તેવું વિશાળ નામ આપ્યું છે. દૂધસાગરમાં શિવસાગરની સ્થાપના કરવી એટલે એક ગંભીર જવાબદારી લેવી ! હવે આ સંસ્થાને લાખો - લાખો પશુપાલકોની સાથે શિવજીએ પણ અપનાવી લીધી છે. આપણા સી.સી.ટીવી કેમેરામાં કદાચ આપણી કામચોરી અને લાલચ નહીં પકડાય પણ, શિવસાગરના સી.સી.ટીવી કેમેરામાં આપણા કર્મોનું રેકોર્ડીંગ હવે સતત થવાનું છે કારણ કે ; હવે દૂધસાગરની રક્ષા અને કક્ષા બંને વધારવાનું કામ આપણે શિવાસાગર મહાદેવને સોંપી રહ્યા છીએ. એટલે આપણી શક્તિ - ડેરી પ્રત્યેનો સમર્પણ ભાવ અને આ ડેરી સાથે સંકળાયેલ છેવાડાના પશુપાલક માટે આપણા અંતઃમનમાં સાચી સંવેદના જાગશે તો સાચા અર્થમાં શિવસાગર મહાદેવનું આગમન સાર્થક થશે.

દિપાવલીના શુભ દિવસો હવે નજીકમાં છે ત્યારે ; આ સંસ્થા સાથે જેમણે શ્વાસોશ્વાસ જેવો સબંધ છે અને અમારા કરતાં પણ વધારે દૂધસાગર ડેરીનું ચિંતન અને મનન કરે છે તેવા લાખો-લાખો પશુપાલકોને હૃદયની પવિત્રતાથી શુભકામનાઓ પાઠવું છું અને સંવત ૨૦૮૦ ના નૂતન વર્ષમાં આપણે બધા સાથે મળીને - સુખ, સમૃદ્ધિ અને શાંતિ સાથે માં લક્ષ્મી કૃપાથી શક્તિશાળી બનીએ તેવી પ્રાર્થના કરૂ છું.



## નમામિ દેવી દૂધસાગર – જય શિવસાગર મહાદેવ

આપ સૌનો ...

(અશોક બી. ચૌધરી)












## ઉત્તમ દૂધઉત્પાદક + ઉત્તમ વહિવટકર્તાઓ + સંનિષ્ઠ કર્મચારીઓ = સફળ દૂધસાગર આ સૂત્રને સાર્થક કરવાનો આ સંસ્થા પાસે અત્યારે ઉત્તમ સમય છે : ધીરજકુમાર ચૌધરી




વિતેલા વર્ષોમાં સરકાર અને સહકાર બંનેનો શુભ સમન્વય થવાથી ખેડૂતો અને પશુપાલકોની વિટંબણાઓ સમજવાનો દ્રષ્ટિકોણ પરિપક્વ બન્યો હોવાથી તેના ઉકેલો તથા તે ઉકેલોના શુભ પરિણામો આપણને હાલ જોવા મળી રહ્યા છે. મહેસાણા દૂધસાગર ડેરી આજની તારીખે ચોતરફથી પ્રગતિના પંથે આગળ વધી રહી છે. દૂધના ભાવ હોય કે ; પશુપાલકોને મળતો વાર્ષિક ભાવવધારો - આપણે ગુજરાતના તમામ દૂધ સંઘો સાથે આ બાબતમાં કદમથી કદમ મિલાવી સાથે ચાલી રહ્યા છીએ. આજે મહેસાણા દૂધ સંઘના કાર્યક્ષેત્રમાં પશુપાલનનો ધંધો ધીમી પણ મક્કમ ગતિએ મજબૂતાઈથી પોતાનું અસ્તિત્વ સ્થાપી રહ્યો છે. મને તો વધારે ખૂશી એ બાબતની છે કે ; યુવાનો પણ આપણા કાર્યક્ષેત્રમાં આ ધંધાને હવે ખૂશી-ખૂશી તથા હોંશભેર - શોખ સાથે અપનાવી પશુપાલનના આ વ્યવસાયમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી રહ્યા છે. આપણી ડેરી પાસે જગુદણ ખાતે રહેલા પશુ સંશોધન કેન્દ્રની અત્યાધુનિક લેબોરેટરીના સંશોધનો પૈકી સેક્સડ્ સિમેન ડોઝ વિતેલા વર્ષમાં પશુપાલકોએ અપનાવવાની જે સમજ કેળવી છે તેના શુભ પરિણામો હવેના વર્ષોમાં જોવા મળશે તેનો મને પૂર્ણ વિશ્વાસ છે. દૂધના ઉત્પાદનથી લઈને - તેનું સંપાદન - તેની વિવિધ પ્રોડક્ટસ અને વિતરણ સુધીની વ્યવસ્થાઓમાં આજની દૂધસાગર નવા અભિગમો અપનાવી રહી છે જેના કારણે સમય ની જરૂરીયાત પ્રમાણે આપણે પણ નવિનીકરણ અપનાવી રહ્યા છીએ. મહેસાણા દૂધસાગર ડેરી ખાતે બની રહેલ નવિન પાવડર પ્લાન્ટ અને અલ્ટ્રાહિટ સિસ્ટમથી લાંબો સમય ચાલે તેવા દૂધનો પેકિંગ પ્લાન્ટ તેનું ઉત્તમ ઉદાહરણ છે. આ પાવડર પ્લાન્ટ નજીકના ભવિષ્યમાં આપણને ખૂબ મદદરૂપ થવાનો છે. વેલ્યૂએબલ પ્રોડક્ટસ એ આજના સમયની જરૂરીયાત છે. દૂધના પાવડરના નાના -નાના પાઉચ તથા UHT મિલ્ક ના ઉત્પાદનથી દૂધસાગરની સાથે-સાથે તેના સભાસદો પણ સંપન્ન બનશે તેવો મને આશાવાદ છે. નવિન પાવડર પ્લાન્ટની ઈમારતમાં તૈયાર ઉત્પાદનો મૂકવાના વિશાળ ગોડાઉન આપણને અનેક ખોટા ખર્ચાઓમાંથી મૂક્ત કરશે ત્યારે દિપાવલીના આ શુભ અવસરે - તથા - આવનાર નૂતન વર્ષ સૌ પશુપાલકો માટે તથા આપણી જીવાદોરી સમાન દૂધસાગર માટે નવો સૂર્યોદય લઈને આવશે તેવા વિશ્વાસ સાથે સૌને મારા તરફથી દિપાવલીની શુભવંદના !!



એજ ...
**ધીરજકુમાર ચૌધરી**
**(MD - દૂધસાગર ડેરી)**

## મહાદેવ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ









# સ્વચ્છતા મારી ઓળખાણ - સ્વચ્છ

## બીજી ઓક્ટોમ્બર (ગાંધી જ્યંતી) ૨૦૨૩ - પ્રધાનમંત્રીશ્રીનું આહવાહ



















# તા મારો અધિકાર : હું છું દૂધસાગર

## ન અને દૂધસાગરની ૧૩૫૦ થી વધુ દૂધ મંડળીઓ શત પ્રતિશત સ્વચ્છ























## ખેરાલુની ધરા ઉપર પ્રધાનમંત્રીશ્રી.નું સ્વાગત ભાવથી ...

તાજેતરમાં હજારો કરોડના લોક ઉપયોગી કાર્યોના શિલાન્યાસ અને લોકાર્પણ પ્રસંગે ઉત્તર ગુજરાતના ખેરાલુ વિસ્તારમાં પહોંચેલા ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રીમાન નરેન્દ્રભાઈ મોદીને પોતાના વિધાનસભા ક્ષેત્રમાં આવકારવા તથા તેમણે આપેલા વિકાસકાર્યોને વધાવવા ધારાસભ્ય અને દૂધસાગર ડેરીના ડિરેક્ટરશ્રી. સરદારભાઈ ચૌધરીએ એક જનપ્રતિનિધીએ તરીકે પ્રધાનમંત્રીશ્રીનું ઉષ્માભેર સ્વાગત કરી સમગ્ર જીલ્લા વતી પોતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મશીનરી અને માનવ કલાકોનો ભરપૂર સદઉપયોગ એ આજની દૂધસાગર ના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરશે : પ્રવિણકુમાર ભામ્બી



મહેસાણા - પાટણ - ગાંધીનગર જીલ્લાના આશરે પાંચ - સાડા પાંચ લાખ પશુપાલક પરિવારો સાથે રોજગારીનો સીધો સબંધ ધરાવતી દૂધસાગર ડેરી વર્તમાન સમયે અનેક વિપરીત પરિસ્થિતીમાં પણ પોતાના અસ્તિત્વને અકબંધ રાખી રોજબરોજ સફળતાના નવા કિર્તીમાનો સ્થાપિત કરવા જોમભેર આગળ વધી રહી છે. કોઈપણ સંસ્થાના વિકાસમાં શાસનકર્તાઓ અને કર્મચારીઓનો સૂમેળ શ્રેષ્ઠ પરિણામો સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. આજે દૂધસાગરમાં આ સૂમેળ એક નવા ભવિષ્યનું નિર્માણ કરી રહ્યો છે. દિલ્હીના બજારમાં આ વર્ષે આઇસ્ક્રીમ અને પાઉચ દૂધનું વિક્રમ જનક વિતરણ એ વાતની સાબિતી પૂરી પાડે છે. આપણે આપણી પાસે રહેલા મશીનરીના સંશાધનો જૂના હોવા છતાં પણ - આપણા કર્મચારીઓના અનૂભવ અને કોઠા સૂઝથી તેનો મહત્તમ ઉપયોગ કરવામાં સફળ રહ્યા છીએ. પ્લાસ્ટિક ફિલ્મ (પાઉચ પેકીંગ માટે) હોય, પાણી હોય, વિજળી હોય કે વધારાના કામદારો બધી જ બાજુએ બગાડ અટકાવવામાં આપણને મહેસાણા - ધારૂહેડા અને માનેસર તમામ જગ્યાએ ખાસી એવી સફળતા પ્રાપ્ત થવા પામી છે જેના કારણે, સંસ્થાના કરોડો-કરોડો રૂપિયાનો આજે આબાદ બચાવ થઈ રહ્યો છે. દિપાવલીના આ શુભ પ્રસંગે આપણી દૂધસાગર ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલક સભાસદોને જણાવતાં મને આનંદ થાય છે કે ; ભૂતકાળ કરતાં - વર્તમાન સમયે આપણે દૂધસાગર ડેરીના દિલ્હી સ્થિત પ્લાન્ટોનો ભરપૂર સદઉપયોગ કરી રહ્યા છીએ જેના પરિણામે આપણી સંસ્થા આર્થિક રીતે પહેલાં કરતા સધ્ધર બની છે અને નજીકના ભવિષ્યમાં વધુ આર્થિક સધ્ધરતા આપણને બધાને પ્રાપ્ત થશે જેના યશભાગી સંસ્થાના ચેરમેન સાહેબ - MD સાહેબ તથા નિયામક મંડળના તમામ સભ્યો અને મારા તમામ સાથી કર્મચારી મિત્રો ગણાશે.

સંવત ૨૦૮૦ ની શુભ શરૂઆત પહેલાં દૂધસાગર ડેરીમાં સ્થાપિત થયેલ અને આપણી વચ્ચે બિરાજમાન ભગવાન શિવસાગર મહાદેવની પ્રેરણા અને આશિર્વાદ વચ્ચે દિપાવલીના આ શુભ તહેવારોની સૌ પશુપાલક પરિવારોને મારી શુભકામનાઓ પાઠવું છું. આવો ... આપણે સાથે મળીને સ્વ.માનસિંહભાઈ અને સ્વ.મોતીભાઈ ચૌધરીની ધરોહર સમી આ દૂધસાગર ડેરીને વિકાસની નવી ઉંચાઈઓ ઉપર લઈ જવા સંકલ્પબધ્ધ બનીએ.

એજ ... પ્રવિણકુમાર ભામ્બી (ED - દૂધસાગર ડેરી)






# ઉત્તર ગુજરાતની જીવાદોરી સમાન દૂધસાગર વતીથી ચેરમેનશ્રીએ આ ધરતીના પનોતા પુત્રને આવકાર્યા






ગત તા.૩૦ ઓક્ટોબરના રોજ માદરે વતન ઉત્તર ગુજરાત આવેલા પ્રધાનમંત્રીશ્રી. નું દૂધસાગર ડેરી દ્વારા ચેરમેનશ્રી. અશોકભાઈ અને વાઈસ ચેરમેન શ્રીમતી.જશીબેન દેસાઈએ અયોધ્યા રામ મંદિરની પ્રતિકૃતિ આપી ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

## ખેરાલુ તાલુકાની મંડાલી દૂધમંડળી ખાતે
## દૂધસાગરના ચેરમેનશ્રીએ સાંભળી : પ્રધાનમંત્રીના મનની વાત





ગત તા.૨૯ ઓક્ટોબરના રોજ દેશના વડાપ્રધાન અને વિશ્વ નેતા શ્રી.નરેન્દ્રભાઈ મોદી સાહેબનો મનકી બાત કાર્યક્રમને મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી એ ખેરાલુ તાલુકાના મંડાલી ગામ ખાતે દૂધ મંડળીમાં પશુપાલકોની સાથે બેસી સમગ્ર કાર્યક્રમ ને સાંભળ્યો હતો. મોદીસાહેબના વિચારો પ્રમાણે શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે દૂધસાગર ડેરી પણ પોતાનું સર્વસ્વ શ્રેષ્ઠ બનાવશે તેવી વાત તેમણે કાર્યક્રમના અંતે કરી હતી.

### આનંદ થયો અપાર ...
### મોતીભાઈ સાગર સૈનિક સ્કૂલના બાળકોને મળી વડાપ્રધાન રાજી થયા



તાજેતરના પોતાના ગુજરાત પ્રવાસ દરમ્યાન પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તર ગુજરાતના ખેરાલુ ખાતે વિશાળ જંગી સભા સંબોધી તે અગાઉ ઉત્તર ગુજરાતની અનેક સંસ્થાઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. તેમાં જ્યારે દૂધસાગર ડેરી સંચાલિત મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલના બાળકો મોદીજીને મળ્યા ત્યારે પ્રધાનમંત્રી સહજ રીતે ખૂબ ખુશ થયા હતા.

### નેશનલ કો.ઓપરેટીવ એક્સપોર્ટ લી.ના શુભારંભે
### દૂધસાગરના ચેરમેન દિલ્હી ખાતે હાજર રહ્યા






તાજેતરમાં નવી દિલ્હી ખાતે કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રીશ્રી. અમિતભાઈ શાહ અને કેન્દ્રિય ઉદ્યોગ મંત્રીશ્રી. પિયુષ ગોયલ દ્વારા નેશનલ કો.ઓપરેટીવ એક્સપોર્ટ લી. ના નામથી દેશમાં પેદા થતી કૃષિ પેદાશો, અનાજ, મસાલા, ઈસબગુલ, ચોખા, ખાંડ અને દૂધની બનાવટોને સહકારી ધોરણે દુનિયાના દેશોમાં નિકાસ કરવા માટે એક સંપૂર્ણ સહકારી કંપનીનું નિર્માણ કરવામાં આવ્યું તેના શુભારંભ પ્રસંગે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી હાજર રહ્યા હતા અને સહકાર મંત્રાલયના હિતકારી નિર્ણયો સાથે સતત કદમ તાલ મિલાવવા સંકલ્પ બધ્ધ થયા હતા.

# દેશના અર્થતંત્રને સશક્ત કરવા સહકારીતા શ્રેષ્ઠ માધ્યમ છે

## IAS-IPS-IFS-IRS ની પરીક્ષા પાસ કરી હવે દેશ સેવામાં જોડાવાના છે તેવા

# 70 ઓફિસરો દૂધસાગર ડેરીની મુલાકાતે












દેશના દૂરંદેશી વડાપ્રધાન શ્રી.નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહના પ્રયત્નોથી સહકારથી સમૃધ્ધિ પ્રાપ્ત કરવાના પ્રયત્નો સમગ્ર દેશમાં ચાલી રહ્યા છે. સહકારી ક્ષેત્રમાં આઝાદીના સમયથી ગુજરાતનું દેશમાં અનેરૂ પ્રદાન રહ્યું છે. ભારત સરકારના નવા બનેલા સહકાર મંત્રાલયને કારણે સરકારનો સહકાર તરફ ઝોક વધી રહ્યો છે ત્યારે ગુજરાતના સફળ સહકારીતા મોડેલના અભ્યાસ માટે માનનીય નરેન્દ્રભાઈ મોદી અને સહકારીતા મંત્રી શ્રી.અમિતભાઈ શાહની સૂચનાથી તાજેતરમાં UPSC પરિક્ષા પાસ કરીને લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ફોર એડમિનિસ્ટ્રેશન (મસૂરી) ખાતે ટ્રેનિંગ લઈ રહેલ IAS, IPS, IRS, IFS તથા અન્ય ક્લાસ -૧ કેડરના ૫૬૦ જેટલા તાલીમાર્થી ઓફિસરોએ તાજેતરમાં ગુજરાતના સહકારી માળખાને સમજવા આપણા રાજ્યની મૂલાકાત લીધી હતી. જે પૈકી ૭૦ જેટલા અધિકારીઓ કે જેમાં ૨૬ મહિલા અધિકારીઓ સમાવિષ્ઠ હતી તેવી એક ટીમે ગત તા.૨૪ થી ૨૬ ઓક્ટોબર દરમ્યાન મહેસાણા દૂધસાગર ડેરી અને તેના કાર્યક્ષેત્રની મુલાકાત લઈ આપણી ડેરીના સશક્ત સહકારી માળખાને સમજવાનો ગ્રાઉન્ડ જીરો ઉપર પ્રયત્ન કર્યો હતો. આ ત્રણ દિવસની મૂલાકાત દરમ્યાન આ ઓફિસરોએ દૂધસાગર ડેરીના સહકારી માળખાનો અભ્યાસ કરી આપણી ડેરીની સ્થાપનાથી લઈને અત્યાર સુધીની પ્રગતિ અને હાલની કાર્ય પધ્ધતિ તેમજ ડેરી પ્રોસેસીંગ ટેક્નોલોજીથી તેઓ વાકેફ થયા હતા. દૂધસાગર ડેરી પ્લાન્ટ, વિહાર અને ખેરાલુ ચિલીંગ સેન્ટર, જગુદણ કેટલફીટ ફેક્ટરી, પશુસંવર્ધન કેન્દ્ર તેમજ વિઠોડા, ખેરાલુ, ડાવોલ, ચરાડા, બાપુપુરા, બાલવા, બાસણા અને રંગાકુઈ મંડળીની મૂલાકાત કરી હતી. આ સિવાય તેઓએ પુનાસણ ખાતે સમૃધ્ધ પશુપાલકના તબેલાઓની જાત મુલાકાત લઈ પશુપાલકો સાથે વાર્તાલાપ કર્યો હતો. ભવિષ્યના આ સનદી અધિકારીઓએ મહેસાણાની મૂલાકાત દરમ્યાન પાટણની રાણકી વાવ, મોઢેરાનું સૂર્યમંદિર તેમજ સુજાણપુર ખાતેના સોલાર પાર્કની મૂલાકાત લીધી હતી. દૂધસાગર ડેરીના સહકારી માળખાથી અભિભૂત થઈને તેઓએ વિતેલા છ દાયકાથી સફળતા પૂર્વક નાનામાં નાના પશુપાલકને રોજગારી આપતી દૂધસાગર ડેરીની મૂલાકાતને જીવનભર પોતાના વહિવટ દરમ્યાન યાદ રાખવાની નેમ સાથે આવતી કાલના ભારતના આ અધિકારીઓએ સહકારની ભાવનાને શ્રેષ્ઠ ગણાવી હતી.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા